ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                 તા. ૩૦-૦૧-૨૦૨૩

- **ભાજપા સરકારના આશીર્વાદથી રાજ્યમા બેરોકટોક ડ્રગ્સ અને દારુની માફીયાગીરીના સામ્રાજ્યથી પણ ચડીયાતુ બની રહેલ રેતી ખનીજ માફીયાગીરીનુ સામ્રાજય. – મનહર પટેલ**
- **ખાણ અને ખનીજ વિભાગની આડોડાઇ અને વહીવટી પારદર્શકતાના અભાવે કાયદેસર રીતે રેતીની લીઝ બ્લોક મેળવવા માંગતા અરજદારો રાજયમા ખાણ-ખનીજ વિભાગથી ત્રસ્ત. પ્રદુષણ નિયંત્રણ બોર્ડનુ સંબધિત EC (Environment Certificate) અને જીલ્લા ખનીજ અધિકારીના DSR ( District Survey Report ) મળવામા થતા વિલંબને કારણે ગેરકાયદેસર રેતી ખનન કરતા માફીયા માટે મોકળુ મેદાન – મનહર પટેલ**
- **ભાજપા સરકારના મોટા નેતાઓના પુણ્યપ્રતાપે ગેરકાયદેસર રેતી ખનન ધંધો પુર બહારમા છે જ્યારે કાયદેસર લીઝ હોલ્ડરની સ્થિતિ કફોડી અને ગુજરાતનુ કરોડોની કિંમતી ખનીજ ખાણ માફીયાઓને હવાલે. – મનહર પટેલ**
- **ભાજપાના ક્યા મોટા નેતાઓના આશીર્વાદથી દક્ષિણ ગુજરાતના સુરતથી વલસાડ સુધીના દરીયા કાંઠે ડેઝીંગથી રેતી કાઢીને થતી કરોડો રુપિયાની ખનીજ ચોરી માટે લાલ ઝાઝમ પાથરી છે ? – મનહર પટેલ**

રાજ્ય સરકારના ખાણ અને ખનીજ વિભાગે ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ સુધીમા ૧૬૦૦ સાદી રેતીના બ્લોકની હરરાજી કરી લીઝ હોલ્ડર પાસેથી ડિપોઝીટનુ કરોડો રુપિયાનુ ઉઘરાણુ કરીને પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સંબધિત EC (Environment Certificate) ના બહાના નીચે ૪ વર્ષથી લીઝ હોલ્ડરના આશરે ૨૫૦ કરોડ રુપિયા જેટલી રકમ રાજ્ય સરકાર દબાવીને બેઠી છે જે અંગે રાજ્ય સરકાર મગનુ નામ મરી પાડવા તૈયાર નથી.

રાજયમા ખાણ-ખનીજ વિભાગની કોઇપણ ખનીજના બ્લોકની હરરાજીમા પારદર્શકતાના અભાવે ફાળવણી થઈ રહી છે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનુ પર્યાવરણ સંબધિત EC (Environment Certificate) અને જીલ્લા ખનીજ અધિકારીએ આપવાનો થતા DSR ( District Survey Report ) આપવામા થતા વિલંબને કારણે રાજ્ય સરકારની રહેમ રાહે, અધિકારીઓની અમીદ્રષ્ટીએ, ભાજપના લાભાર્થે કરોડો રુપીયાનુ ખનીજ જમીન ઉપરથી અને સરકારી દફ્તરેથી ચોરાઈ છે અને આ ભ્રષ્ટાચાર આચરવામા અને રાજ્યને ખાણ માફીયાની ભેટ આપવા માટે રાજય સરકાર અને તેનુ તંત્ર સરખા હિસ્સે જવાબદાર છે.

અને બીજી બાજુ સુરતમા તાપી શુદ્ધિકરણ યોજના જેવી આશાસ્પદ યોજનાના ભોગે દક્ષિણ ગુજરાતમા ડુમ્મસ અને ધુલાઈ બંદરે થી આશરે બે વર્ષથી ડેઝીંગ કરીને કરોડો રુપીયાની રેતીનુ ગેરકાયદેસર ખનન કરતા ખનીજ માફીયાઓને રાજ્ય સરકાર આડકતરી રીતે પ્રોત્સાહન આપી રહેલ છે.

રાજયમા રેતી ખનીજ ચોરી અને ભ્રષ્ટાચારના અનેક સવાલો ઉભા થાય છે તેના જવાબ ખાણ અને ખનીજ વિભાગના સંબંધિત મા.મંત્રીશ્રી અને વિભાગના વડા આપે તેવી અમારી માંગ છે.

1. રાજ્ય સરકાર જે બ્લોકની હરરાજી રેતી માટે જ મુકે છે તો તેનુ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનુ પર્યાવરણ સંબધિત EC (Environment Certificate) મળવવા માટે ૪ – ૪ વર્ષ જેવો સમય કેમ લાગે છે ?

2. ૪-૪ વર્ષથી જે બ્લોકની ઈ-હરરાજી થયેલ ગયેલ હોય અને લીઝ હોલ્ડરને તેનુ EC ન મળી શકે તેમ હોય તો તેવા બ્લોકની ઇ-હરરાજી શા માટે રાજ્ય સરકાર કરે છે ?

3. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનુ પર્યાવરણ સંબધિત ના વાધા પ્રમાણપત્ર મેળવ્યા બાદ બીડીંગ માટે અરજદારો પાસેથી અરજીઓ કેમ નથી મંગાવવામા આવતી ?

4. અરજદારને બ્લોકની ફાળવણી થઈ ગઈ હોય ૨૦ % અપફ્રન્ટ રકમ જમા કરી,તેને LOI મળી ગયેલ હોય,માપણી સીટ, માઈનીંગ પ્લાન, CTE, EIA રીપોર્ટ રજુ કરી દીધેલ હોય અને કલેકટરશ્રીની હાજરીમા પબ્લિક હિયરીંગ થઈ ગયેલ હોય પરંતુ તેઓ સમજુતી કરાર ત્યારે જ થઈ શકે છે જ્યારે જીલ્લા ખનીજ અધિકારીએ આપવાનો થતો DSR ( District Survey Report ) આપે ત્યારે અને આ DSR ( District Survey Report ) ન આપે ત્યા સુધી વહીવટી પ્રક્રીયા પુર્ણ ન ગણાય,આ જીલ્લા ખનીજ અધિકારીના DSR ( District Survey Report )મા પડેલ ભ્રષ્ટાચારનુ મોટુ ભોરીંગ રાજ્ય સરકાર તોડવા માંગે છે ?

5. સુરતની જનતા માટે આશીર્વાદ સમાન તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટનુ કામ ખાનગી કંપનીને બે વર્ષથી સોપ્યુ છે છતાં આ પ્રોજેકટ ભાજપાના કયા મોટા નેતાના અંગત લાભે દબાણ શરુ કરવામા આવતો નથી ?

6. માત્ર ડુમ્મસથી અને ધુલાઈ બંદરથી ડેઝીંગ કરીને રોજની આશરે ૧૦૦૦૦ ટન રેતી એટલે વર્ષે આશરે ૨૫૫ કરોડો રુપીયાની કિંમતની રેતીનુ ગેરકાયદેસર ખનન થઈ રહ્યુ છે, આ ખાણ માફીયા કંપનીની પ્રવૃતિથી ભાજપા સરકારનુ તંત્ર અને મંત્રાલય અજાણ છે ? અને દક્ષિણ ગુજરાતના કયા મોટા ભાજપાના નેતાઓના માફીયા કંપનીઓ ઉપર કાયદાથી પર રહીને ચાર હાથ છે ?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા શ્રી મનહર પટેલ રાજ્ય સરકાર સામે રાજ્યમા ગેરકાયદેસર રીતે ખાણ – ખનીજની ચોરી માટે ખુદ ભાજપા સરકારનુ તંત્ર, મંત્રાલય અને ભાજપાના મોટા આગેવાનોની આડકરી સંડોવણી ઉપર તપાસ કરવાની માંગ કરી છે. અને તેને અટકાવવા માટે ગંભીરતાપુર્વક પગલા ભરવા આગ્રહ ભરી વિનંતી કરી છે.

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ